**<u>કલે.પરચુ. અરજી નં. ૨૦/૨૬ ના કામે અરજદારની આંક–૧ ની પેમેન્ટ અરજી હેઠળ હુકમ :–</u>**

(૧) અરજદારના વિ.વકીલશ્રીને સાંભળ્યા, અરજી વંચાણે લીધી. અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરવામાં આવેલ છે. હાલની અરજી અરજદારના અકસ્માતના બનાવના આધારે કલેઈમ કેસ નં. ૫૧૯/૨૦૦૭ નો દાખલ કરેલ જે અકસ્માત વળતરના કલેઈમ કેસમાં નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.), જૂનાગઢનાઓએ તા. ૦૭–૦૮–૨૦૦૯ ના રોજ જજમેન્ટ, એવોર્ડ આપતા તે સામે સામાવાળાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અરજી/અપીલ કરેલી જે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની સદરહુ અપીલ ફેસલ થયેલ છે અને હુકમ મુજબ જમા રકમ અરજદારને ચુકવી આપવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટની અપીલના હુકમ મુજબ વળતરની રકમ રૂા. ૧,૩૮,૬૩૮/– એફ. ડી. રીલીઝ થતા જમા થયેલ છે જે સામાવાળાએ હુકમ અન્વયે રકમ જમા કરાવેલ હોવાનું નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનો આંક–૧ લગતનો શેરો વંચાણે લેતા જણાય છે. તે તમામ હકીકત ધ્યાને લેતા સામાવાળાએ હુકમ અન્વયે રકમ જમા થયેલ હોવાનું નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનો આંક–૧ લગતનો શેરો વંચાણ લેતા જણાય આવે છે. આમ, અરજીની હકીકતો તથા અરજી સાથે રજુ થયેલ અકસ્માત વળતર કલેઈમ કેસ નં. ૫૧૯/૨૦૦૭ ની સામે કરેલ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ /અરજી માં થયેલ હુકમ ધ્યાને લેવા અંગે વિમા કંપનીની રજુઆતો ધ્યાને લઈ તમામ હકીકતે અરજી અન્વયે નીચે મુજબ જમા રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>: હુકમ :</u>**

| | |
|---|---|
| ––– | કોર્ટ ફી સ્ટેમ્પ |
| રૂા. ૧,૩૮,૬૩૮/– | અરજદાર રૂકસાનાબેન યાસીનભાઈ મુલ્લાને રૂા. ૧,૩૮,૬૩૮/– આર. ટી. જી. એસ. થી જમા કરાવવાનો આથી હુકમ કરવામાં આવે છે.<br>એકાઉન્ટ નં. 370902010017157 |

| | | |
|---|---|---|
| | બેન્ક નામ | યુનીયન બેંક. |
| | આઈ.એફ.એસ.સી. કોડ નં. | UBIN0537098 |
| રૂા. ૧,૩૮,૬૩૮/– | અંકે રૂપિયા એક લાખ આડત્રીસ હજાર છસ્સો આડત્રીસ પુરા. | |

આ હુકમ અન્વયે હુકમના પાલન અંગે નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢ નાઓને જરુરી યાદી કરવી.

આ હુકમ આજ તા. ૩૦ મી, માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જૂનાગઢ.
તારીખ ૩૦–૦૬–૨૦૨૬

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
એમ.એ.સી.ટી. (ઓકઝી.)
જૂનાગઢ.
(જી.જે.૦૧૦૦૫)